# શહેરમાં મોડી સાંજે મેઘરાજાની મહેર

## સિઝનનો ૨૧ ટકા વરસાદ આજે ભારે વરસાદની આગાહી : સોશિયલ મીડીયા પર મોંઘેરા મેઘરાજાના મિજાજ ને બયાન કરતા મેસેજીસની ભરમાર : દિવસના વાદળિયા વાતાવરણના અંતે સાંજે ઝરમર વરસાદથી ઠંડક પ્રસરી

ગાંધીનગર, તા. ૨૮

ના ગડગડાટ.. ના ચમકારા..વળી બહુ જોખી.. જોખીને વરસે છે..શંકાસ્પદ છે ..આગમન તારુ..કેમ આમ માણસની જેમ વર્તે છે... સોશિયલ મીડીયા પર વરસાદના મંદ મિજાજને અનુલક્ષીને અનેકવિધ મેસેજીસની ભરમાર જોવા મળી હીછે.મેઘરાજા ખેલદીલી ભુલી ગયા છે..બેશુમાર.. ધોધમાર.. અનરાધાર... મુશળધાર.. સાંબેલાધાર.. વરસવાના બદલે મોંઘેરા મેઘરાજા ગડગડાટ વિના અજબ ગણિત માંડીને વિશ્રામની પળો માંણતા ગણગણાટ કરી રહ્યા હતા ને મોડી સાંજે વરસાદે દેખા દીધી હતી. ગાંધીનગરમાં વરસાદ હજુ વાદળોમાં જ કેદ થયેલો છે. છેલ્લા બે ચાર દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી માહોલ બંધાય છે. મેહુલિયો આકાશમાં અવતરે છે...વિસ્તરે છે..પણ વરસતો નથી. શહેરમાં અત્યાર સુધી અલપઝલપ છાંટણા સાથે હળવા વરસાદી ઝાપટા સિવાય ચોમાસાની સિઝન પણ શરૂ થઈ હોય તેવો અહેસાસ કરાવતો વરસાદ પણ પડયો નથી. આજે દિવસના વાદળિયા વાતાવરણ વચ્ચે સાંજે ઝરમર વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. મેઘરાજા મનમુકીને વરસે તેની વાટ જોતા નગરજનો પણ હવે થાકી ગયા છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો માત્ર ૨૧.૪૫ ટકા વરસાદ થયો છે. હવામાન વિભાગની આગાહી મુજબ



ગાંધીનગર સહીત ઉત્તર ગુજરાતમાં ૨૯ જુલાઈના રોજ ભારે વરસાદ થવાની સંભાવના છે. ગાંધીનગરમાં વરસાદના રીસામણાં ચર્ચાનો વિષય છે. આકાશમાં ગોરંભાતા વાદળોના લીધે સર્જાતા વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદ રોજ હાથતાળી આપી જાય છે. આકાશમાં ઘેરાયેલા વાદળો વરસતા નથી. છેલ્લા બે દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે ગરમીનુ પ્રમાણ ઘટ્યુ છે. જેના લીધે નગરજનોએ હાંશકારો અનુભવ્યો છે. પરંતુ વરસાદી માહોલ વચ્ચે મેઘરાજાની ગેરહાજરી સૌ કોઈને ખુંચે છે. વરસાદ અંગે રોજબરોજ થતી આગાહી અને શક્યતાઓના અંતે નગરજનો વાદળિયા વાતાવરણમાં આકાશ તરફ મીટ માંડીને મેહુલિયાની વાટે છે. આજે પણ ગઈકાલની જેમ વરસાદ માહોલ નિખર્યો હતો. દિવસના અંતે ઝરમર વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. મેઘરાજા મનમુકીને વરસે અને ચોમેર પાણી પાણી થઈ જાય તે માટે નગરજનો બેચેન છે.

આજે દિવસના વાદળિયા વાતાવરણના અંતે સાંજે ઝરમર વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. સવારથી જ આકાશમાં વાદળોની અવરજવર રહી હતી. સાંજ સુધી વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદ ગોરંભાયેલો રહેતા હમણાં મેઘરાજા હેત વરસાવશે તેમ માની નગરજનોએ આખો દિવસ વરસાદની વાટ નિહાળી હતી. જો કે મોડીસાંજે ઝરમર વરસાદ વરસ્યો હતો. બીજીતરફ હવામાન વિભાગે સોમવારે મેઘરાજા મનમુકીને વરસશે તેવી આગાહી પણ કરી છે. ગાંધીનગર સહીતના ઉત્તર ગુજરાતના વિસ્તારમાં ભારે વરસાદની સંભાવના પણ હવામાન વિભાગે વ્યકત કરી છે.

### ગાંધીનગર-કલોલમાં ૮-૮ મી.મી. વરસાદ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં આજે બે તાલુકામાં મેઘ-મહેર થઈ છે. ગાંધીનગર અને કલોલ તાલુકામાં સાંજે ૬ થી ૮ દરમ્યાન ૮-૮ મી.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે દહેગામ અને માણસામાં વરસાદ નોંધાયો નથી. ગાંધીનગર શહેરમાં પણ સાંજે ૬ થી ૮ દરમ્યાન થયેલા વરસાદ પછી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જોકે રાત્રે સારો વરસાદ અને સાર્વત્રિક વરસાદ થશે તેવુ અનુમાન છે.

# નવી પેઢી આધુનિક પદ્ધતિથી સમૃદ્ધ ખેતી કરે : મુખ્યમંત્રી

## શિવપુરા કંપાના ત્રણ ગામના ખેડૂત પરિવારો સાથે મુખ્યમંત્રીએ ગોષ્ઠી કરી



ગાંધીનગર, તા. ૨૮

નવી પેઢી ખેતીથી વિમુખ ના થાય પણ ખેતીની આધુનિક પદ્ધતિ અપનાવી ખેતીને સમૃદ્ધ કરે; ખેતી સમૃદ્ધ થશે તો અર્થતંત્ર પણ મજબુત થશે તેમ રાજયના મુખ્યમંત્રી રૂપાણીએ આજે ગાંધીનગર જિલ્લાના શિવપુરા કંપા ખાતે ખેડૂતો સાથે સંવાદ કરતાં કહી હતી.

શિવપુરા કંપા ખાતે સામુહિક ખેતીને નિહાળવા અને ખેડૂતો સાથે સંવાદ માટે ગયા હતા. આ ગામના ખેડૂતોએ પેપ્સીકો પાસે બટાટાને લઈ તેમજ મગફળીને લઈ અંકુર સાથે કોન્ટ્રેક્ટ કરી અને સામુહિક ખેતી કરી રહ્યા છે. કોન્ટ્રેક્ટ અને સામુહિક ખેતીથી તેમની આવકમાં વૃદ્ધિ થઈ હોવાનું તેમજ નવા-નવા પ્રયોગ માટે પ્રેરણા મળી હોવાનું જણાવ્યુ હતુ.

મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે કચ્છમાં દરિયાના પાણીને મીઠુ બનાવી ખેતરોને તેમજ માનવ-સમુદાય આપવાના ટેન્ડરો બહાર પડી ગયા છે અને આગામી બે વર્ષમાં આ કામ પૂર્ણ થઈ જશે. તેમણે કહ્યુ કે દરિયો અખૂટ છે પણ આપણે આકાશી ખેતી પર નિર્ભર રહીએ છીએ તે સમસ્યાનું નિરાકરણ લાવવા માટે સરકાર કટિબદ્ધ છે.

મુખ્યમંત્રીએ રીટ્રીટેડ વૉટર પોલીસી સરકાર તૈયાર કરી રહી છે અને શહેરમાં આ પાણીના રિયુઝ સાથે ખેતી, તળાવો, ઉદ્યોગોને આપવામાં આવશે જેથી ભૂગર્ભજળના સ્તર ઉંચા આવશે એટલુ જ નહિ ભૂગર્ભ જળનાસ્તરની જાળવણીમાં પણ ફાયદો થશે.

તેમણે ખેડૂતો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે ખેતી

(અનુ. સાતમા પાને)


# ડ્રીપ-સ્પ્રીંકલર ઈરીગેશનના ઓજારો પરનો જીએસટી હટાવવા શાંતિભાઈએ કહ્યું

## સીમ તળાવ અને ગામ તળાવ ઊંડા કરી નર્મદાના પાણીથી ભરી આપો : મુખ્યમંત્રીએ પ્રગતિશીલ ખેડૂતો સાથે સહજ સંવેદના સાથે કલાક જેટલો સમય વિતાવ્યો

ગાંધીનગર, તા. ૨૮

ડ્રીપ ઈરીગેશન તેમજ સ્પ્રીંકલર ઈરીગેશનના ઓજારો પર લેવામાં આવતા જી.એસ.ટી.ને નાબુદ કરવો જોઈએ તેમજ સ્પ્રીંકલરના ઓજારો પર સબસીડી જે ૨૫ ટકા સુધીની અપાય છે તે વધારીને ૭૫ ટકા કરવી જોઈએ તેવી માંગણી શિવપુરા કંપાના પ્રયોગશીલ ખેડૂત અગ્રણી શાંતિભાઈ પટેલે મુખ્યમંત્રી સમક્ષ કરી હતી.

મુખ્યમંત્રી સાથેની ગોષ્ઠી દરમ્યાન શાંતિભાઈએ ગામતળાવ, સીમતળાવ ઊંડા કરવાની સાથે નર્મદાના પાણીથી તેને ભરી આપવા તેમજ જે ખેડૂત ડ્રીપ ઈરીગેશન અપનાવે તેને પાંચ હોર્સપાવરની મોટરથી પાણી આપવાની હિમાયત કરતાં કહ્યુ હતુ કે હાલીસા, વાસણા ચૌધરી, ધણપ, મહુન્દ્રા, શિવપુરા કંપા અને ઈસનપુર-મોટા ગામમાં તો આ પ્રયોગ કરવો જ જોઈએ.



તેમણે જયારે કોન્ટ્રેકટ ફાર્મિંગનો મુદ્દો ચર્ચાતો હતો ત્યારે કોલ્ડ સ્ટોરેજની ચેઈન અને કંપની અહિ પ્રોજેક્ટ લઈ આવે તેવી વાત કરવી જોઈએ તેવુ મુખ્યમંત્રી કહી રહ્યા હતા ત્યારે તેમણે કહ્યુ કે ૩.૭૫ મીટરનો હાલ તો રસ્તો છે તે ૫.૫૦થી ૭ મીટરનો કરવો જોઈએ. હાલ તો જે માર્ગ છે ૩.૭૫ મીટર છે અને તેના પરથી ૩૦ થી ૪૦ ટન વજન ધરાવતા કન્ટેનરો જાય છે જે માર્ગના આયુષ્યને પણ હાનિ કરે છે. તેમણે આંતર માળખાકીય સુવિધાઓના સુદઢીકરણની પણ હિમાયત કરી હતી.

ખારેકની ખેતી જોવા મુખ્યમંત્રી રૂપાણી ગયા ત્યારે તેમણે કહ્યુ કે અમારી આ ખારેક એક મહિનો વહેલી આવે છે તેમજ કચ્છ કરતાં પણ વધુ મીઠાશ ધરાવે છે. તેમણે આગામી દિવસોમાં ઈઝરાયેલી પદ્ધતિથી જ સફરજનની ખેતીનો પ્રયોગ કરવાના હોવાનો સંકેત આપ્યો

(અનુ. સાતમા પાને)

# વોટર ડિસ્ટ્રીબ્યુશનમાં રાજ્ય સરકાર સદંતર નિષ્ફળ રહી છે : કોંગ્રેસ

અમદાવાદ,તા.૨૮

સામાન્ય નાગરિકો-ખેડૂતોને આર્થિક દંડ સહિતની કડક જોગવાઈઓ કરતા ભાજપ સરકારના પાણી અંગેના નવા નિયમ કાયદાએ હકીકતમાં જળ વ્યવસ્થાપન (વોટર મેનેજમેન્ટ) અને જળવિતરણ (વોટર ડિસ્ટ્રિબ્યુશન)માં સદંતર નિષ્ફળતા છુપાવવા અને ભય-ડરની રાજનીતિનો ભાગ હોવાનો આક્ષેપ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવકતા ડૉ.મનિષ દોશીએ જણાવ્યું હતું કે રાજયના નાગરિકોને શુદ્ધ પીવાનું પાણી, ખેડૂતોને સિંચાઈનું પાણી આપવા ભાજપ સરકાર સદંતર નિષ્ફળ ગઈ છે રાજયમાં જ્યારે જ્યારે વિધાનસભા, લોકસભાની ચૂંટણીઓ આવી હોય છે તે વર્ષમાં ભાજપ સરકારે ફોટો ફંકશન, વોટર ટુરીઝમ, સી-પ્લેન, તળાવ ભરવા જેવા કાર્યક્રમો આપીને કરોડો લીટર પાણી વેડફી અને પ્રજાને ભ્રમિત કર્યા છે. વર્ષ ૨૦૧૬ અને વર્ષ ૨૦૧૭માં વોટર એકાઉન્ટ મુજબ ઓક્ટોબર નવેમ્બર ડિસેમ્બરમાં ૬૫૦ %નો વધુ પાણીનો વપરાશ થયો આ પાણી કોને અપાયું ? જેનો આજ દિન સુધી હિસાબ નથી. રાજ્ય સરકારે તાજેતરમાં વિધાનસભામાં પાણી અંગે નાગરિક ખેડૂતોને આર્થિક દંડ જેવી કડક જોગવાઈઓ કરતા કાયદા સુધારા કર્યા પણ વારંવાર નબળા બાંધકામને કારણે કેનાલ તૂટે લાખો લિટર પાણી વેડફાઈ જાય તે માટે કેમ કોઈ મંત્રી કે કોન્ટ્રાકટર કે અધિકારી જવાબદાર નહીં ?

ભાજપ સરકારના આશીર્વાદથી જલમાફિયા, મળતીયા દ્વારા ગુજરાતમાં દસ હજાર કરોડનાં પાણીના ગેરકાયદે કારોબાર માટે જવાબદાર કોણ? રાજયનાં મુખ્યમંત્રીના સલાહકાર, જળનિષ્ણાત ઈજનેરે જણાવ્યું હતું કે "ભાજપ સરકારે છેલ્લા પંદર વર્ષ પાણી પુરવઠા માટે ખર્ચાયેલા કરોડો રૂપિયા પાણીમાં ગયા અને ગુજરાતની ભાજપ સરકાર જળવ્યવસ્થા અને જળ વિતરણ સદતર નિષ્ફળ ગઈ છે.

### ખોવાયેલ છે

મારૂ, ગુજરાત મેડિકલ કાઉન્સિલ, અમદાવાદનું M.S.(E.N.T.)નું રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ નં. G-22777 તા. 23-07-2015, સેક્ટર-૨૩ ગાંધીનગર ખાતે ખોવાયેલ છે. જેમને પણ મળે તેમણે મને મોબાઈલ નં. 6354545929 પર જાણ કરવા અથવા મારા નિવાસસ્થાન પ્લોટ નં. 515/2, વિરાટનગર સોસાયટી, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે આપી જવા વિનંતી. યોગ્ય વળતર આપવામાં આવશે.

- ડૉ. તૃપલ હસમુખભાઈ સોલંકી

#### વિધાનસભા ગૃહમાં ભાજપના ધારાસભ્યની ટકોર

# શહેરમાં જાહેર સ્થળો પર લગાવાતાં બોર્ડમાં જોડણીની ભૂલો સુધારો







ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત વિધાનસભાની કાર્યવાહી સૌથી લાંબા સમય સુધી ચાલવાનો રેકર્ડ અંકિત થયો ત્યારે શુક્રવારે ગૃહમાં રાત્રિના પોણા એક વાગ્યે યુનિવર્સિટીના વિધેયક મુદ્દે હાથ ધરાયેલી ચર્ચા દરમિયાન ભાજપના ધારાસભ્યએ ગાંધીનગર શહેરમાં જાહેર જગ્યાએ મુકાતા બોર્ડસમાં જ ભુલોની ભરમાર હોવાની ટકોર કરી હતી. બહારગામથી આવતા મુલાકાતીઓમાં પણ શિક્ષણના મામલે નગરની અવળી છાપ અંકિત થાય નહીં તે માટે સાવચેતી રાખવા પણ તેમણે સુચન કર્યુ હતુ.

ગાંધીનગરને સ્માર્ટસીટીનો દરજ્જો મળ્યા બાદ શહેરમાં હજુ આનુસંગિક સુવિધાઓનો ભારોભાર અભાવ છે. શહેરમાં માળખાગત સુવિધાઓ પણ ખાડે ગઈ છે. રસ્તા પર રખડતા ઢોર, ગંદકી , તુટેલી ફુટપાથ,કટાયેલા અને બંધ સ્ટ્રીટ લાઈટના થાંભલા હજુ નગરની ઓળખ તરીકે ઉપસી રહ્યા છે. ત્યારે સેકટરોમાં વિભાજિત શહેરમાં વિવિધ સ્થળો તેમજ સરકારી બિલ્ડીંગોને દર્શાવતા બોર્ડસ પણ ઠેર ઠેર મુકવામાં આવ્યા છે. શિક્ષિત શહેરમાં આગળનો ક્રમ ધરાવતા ગાંધીનગરમાં અનેક બુધ્ધિજીવીઓ શહેરમાંથી ઉદભવતી શિક્ષણ વ્યવસ્થા સામે અનેકવાર સવાલો ઉઠાવે છે. ત્યારે માતૃભાષાના ગુણગાન ગાતા નગરમાં માહીતીદર્શક અને દિશાસુચક બોર્ડસમાં ગુજરાતી ભાષાની ખોટી જોડણીઓના લીધે પણ ભદ્ર સમાજનુ મોં વંકાયુ છે. એક દાયકા પુર્વે તંત્રએ લાખોના ખર્ચે મુકેલા સાઈન બોર્ડમાં જિલ્લા પોલીસવડાની કચેરી જ ઉંધી દીશામાં અંગુલી નિર્દેશ કરાઈ હતી જયારે હાલ શહેરના અતિથિ ગૃહ અને સરિતા ઉદ્યાનને દર્શાવતા બોર્ડસમાં પણ જોડણી ખોટી હોવાનો મુદ્દે વિધાનસભા ગૃહમાં ભાજપના જ એક ધારાસભ્યએ ટકોર કરી હતી.

વિધાનસભા ગૃહમાં ખાનગી યુનિવર્સિટી બીલની ચર્ચા દરમિયાન ભાજપના ધારાસભ્ય કુબેરસિંહ ડીંડોરે આ તબક્કે તેમ પણ જણાંવ્યુ હતુ કે સરિતા ઉદ્યાન તેમજ અતિથિ ગૃહની જોડણીમાં જ ભુલ છે. નગરમાં આવતા મુલાકાતીઓમાં અવળી છાપ પડે છે. શહેરમાં જાહેર જગ્યાએ મુકાતા વિવિધ બાર્ડસમાં પણ વ્યાકરણની દ્રષ્ટીએ યોગ્ય જોડણીનો અભાવ વર્તાય છે. આ ભુલ સુધારવાની અનિવાર્યતા જણાઈ રહી છે.

### તૃત્તિય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. નાનાલાલ મહાદેવભાઈ મહેતા**

સ્વ. તા. ૨૯-૭-૨૦૧૬

વટવૃક્ષ સમાન વિશાળ પરિવારને સંપ, સહકાર અને સત્યતાનો માર્ગ બતાવનાર, જીવનની સુમધુર સુવાસ ફેલાવનાર એવા પરોપકારી સ્વભાવ ધરાવતા આપને, અમો કદી નહી ભૂલી શકીએ...

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

લિ.

શરદભાઈ નાનાલાલ મહેતા જગદીશભાઈ નાનાલાલ મહેતા

શૈલેશભાઈ નાનાલાલ મહેતા

ફર્મ :- સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ, સેક્ટર-૨૪, ગાંધીનગર


www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯ મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN® | ashirvad | BENELAVE™ | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર. ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com